# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૫ તા.૩૦-૦૯-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- Digital Gujarat Portal પર SC / ST / OBC ધો.૧ થી ૮ ના વિદ્યાર્થીઓની વર્ષ-૨૦૧૯-૨૦ની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનના ઓનલાઈન અમલ બાબત.

સંદર્ભ :- ૧. ક્રમાંક પ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૫૩૨૦-૫૪૦૬ તા.૨૬-૯-૧૯નો પત્ર

૨. નિયામકશ્રી અનુ.જાતિ કલ્યાણ ગુ.રા. ગાંધીનગરનો પત્ર ક્રમાંક : અજાક /ગ-૧/૫/ ૧૯-૨૦/ ૧૨૩૪૫ તા.૨૫-૦૯-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તથા આદિ જાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ- ૨૦૧૯-૨૦ની SC/ST/SEBC/EBC/NT-DNT/ Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ / ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓ પાસેથી ઓનલાઈન દરખાસ્ત મંગાવી કરવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓની એન્ટ્રી ઉકત પોર્ટલમાં કરવાની થશે તેમજ વેરીફાઈડ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી મોકલી આપવાની થશે. આ સાથે સામેલ સંદર્ભિત પત્રને ધ્યાને લઈ તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઝુંબેશના ભાગરૂપે કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવી કોઈપણ લાભાર્થી વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત ન રહે તેની સવિશેષ કાળજી લેવાની રહેશે. જેની નોંધ લેશો.

બિડાણ :- સંદર્ભિત પત્ર ૧ તથા ૨

તા.૩૦-૦૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૫૩૨૦-૫૪૦૫
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં- ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ. રા. ગાંધીનગર. તા.૨૬/૦૯/૨૦૧૯

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

<u>વિષયઃ-</u> Digital Gujarat Portal પર SC/ST/OBC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓના ઓનલાઇન અમલ કરવા બાબત. (વર્ષ ૨૦૧૯-૨૦) (ધોરણઃ૧ થી ૮)

<u>સંદર્ભઃ-</u> નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ ગુ.રા.ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ અજાક/ ગ-૧/૫/૧૯-૨૦/૧૨૩૪૫,તા.૨૫/૦૯/૨૦૧૯

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનુ કે, સરકારશ્રીના સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ ૨૦૧૯-૨૦ ની SC/ST/SEBC/EBC/NT-DNT/Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓનો અમલ <u>Digital Gujarat Portal</u> પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવે છે. જેથી પ્રાથમિક માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓની એંટ્રી ઉકત પોર્ટલમાં કરવાની થશે. તેમજ વેરીફાઇડ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી મોકલી આપવાની થશે. માન. અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરએ ઉકત તમામ કામગીરી શિક્ષણ વિભાગના સંકલનમાં રહી તાત્કાલિક પુર્ણ કરવા જણાવેલ છે. આમ ઉકત કામગીરી તમામ આચાર્યશ્રીઓ ઝુંબેશના ભાગ રૂપે સમય મર્યાદામાં કરે તે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રને ધ્યાને લઇ આપના હસ્તકની તમામ પ્રાથમિક શાળાઓને આપની કક્ષાએથી જરૂરી સુચના આપવાની રહેશે.

<u>બિડાણઃ-</u> સંદર્ભિત પત્ર.

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ</u> . .
-નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, બ્લોકનં.૪/૨,ડો.જીવરાજ મહેતા ભવન, ગુ.રા.ગાંધીનગર

Scanned by CamScanner

ખાસ જરૂરી

ન.અજાક/ગ-૧૫/૧૯-૨૦/ ૯૨૩૪૫
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail: dd1-dscw@gujarat.gov.in
ફોન: ૦૭૯-૨૩૨ ૫૩૨૪૩
તા.૨૭/૬/૨૦૧૯

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણ,
બ્લોકનં: ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
જિ. ગાંધીનગર

વિષયઃ- Digital Gujarat Portal પર SC / ST / OBC વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક મેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓના ઓનલાઇન અમલ કરવા બાબત (વર્ષ ૨૦૧૯-૨૦) (ધોરણ:૧ થી ૮)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર તથા આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગર હસ્તકની વર્ષ:૨૦૧૯-૨૦ ની SC / ST / SEBC/ EBC / NT-DNT / Minority જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની પ્રિમેટ્રીક શિષ્યવૃતિ / ગણવેશ સહાય યોજનાઓનો અમલ Digital Gujarat Portal પર શાળાના આચાર્યશ્રીઓ પાસેથી ઓનલાઇન દરખાસ્તો મંગાવી કરવામાં આવે છે. જેથી પ્રાથમિક માધ્યમિક શાળાઓએ વિદ્યાર્થીઓની એંટ્રી ઉક્ત પોર્ટલમાં કરવાની થશે તેમજ વેરીફાઇડ હોય તેવા વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવી મોકલી આપવાની થશે. માન. અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરએ ઉક્ત તમામ કામગીરી શિક્ષણ વિભાગના સંકલનમાં રહી તાત્કાલિક પૂર્ણ કરવા જણાવેલ છે. આમ ઉક્ત કામગીરી તમામ આચાર્યશ્રીઓ ઝુંબેશના ભાગ રૂપે સમય મર્યાદામાં કરે તે માટે આપની કક્ષાએથી તમામ સંબધિતોને સુચના આપવા નમ્ર વિનંતી છે. આપની કક્ષાએથી આપવાની થતી સૂચનાનો ડ્રાફ્ટ મુસદ્દો આ સાથે સામેલ કરેલ છે વિદિત થાય.

નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય ગાંધીનગર

બિડાણ: ઉપર મુજબ

Scanned by CamScanner